ગાંધીનગર સમાચાર

બાપુ કોલેજમાં ફાર્માસિસ્ટ રીફ્રેશર કોર્ષ યોજાયો



## @ગાંધીનગર

● સે-૨૨ સ્થિત જૈન દેરાસર ખાતે સવારે ૮.૩૦ કલાકે કલ્પસુત્ર વાંચન કરાશે.

● ભારત વિકાસ મંચ દ્વારા સ્વામિનારાયણ ગુરુકુળ સે-૨૩ ખાતે સાંજે ૭-૦૦ કલાકે વૈશ્વિક અર્થકારણના પ્રવાહો અને તેમાં ભારત વિષય પર વિચાર ગોષ્ઠી યોજાશે.

● ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહના સુવર્ણજયંતિ વર્ષની ઉજવણી પ્રસંગે સવારે ૧૧.૩૦થી ૩.૦૦ કલાક દરમિયાન જુના સચિવાલય કેન્ટીન ખાતે વિના મૂલ્યે આયુર્વેદિક નિદાન અને સારવાર કેમ્પ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# એનઆઈડી ખાતે શ્રીલંકન વિદ્યાર્થીઓએ બનાવેલ ચીજવસ્તુઓનું નયનરમ્ય પ્રદર્શન










**સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ ૧૩ વિદ્યાર્થીઓ અને ૧ ફેકલ્ટી શ્રીલંકાથી ભારત આવ્યા છે : એનઆઈડી ખાતે રહી ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરે છે : બંને દેશોની સંસ્કૃતિનો સમન્વય કરી આકર્ષક ચીજવસ્તુઓ બનાવી**

ગાંધીનગર, તા.૧૪

ભારત અને શ્રીલંકા બંને દેશો એકબીજા સાથે સંસ્કૃતિ અને પરંપરાથી જોડાયેલા છે. પરંતુ અત્યારે જીવનશૈલી, ખોરાક, સ્થાપત્ય તથા પહેરવેશથી ઘણા અલગ પડે છે. ભારતમાં પણ મને મારા દેશ જેવો જ આતિથ્યભાવ જોવા મળ્યો અને અહીં આવ્યા પહેલા જે ડર હતો તે દૂર થઈ ગયો. ભારતીય સંસ્કૃતિ રંગોથી ભરપૂર છે. જે મને ખૂબ આકર્ષે છે. એટલે મેં બંને સંસ્કૃતિનો સમન્વય કરી વસ્ત્રોની ડિઝાઈન્સ તૈયાર કરી છે અને આ માટે મેં ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાનો અભ્યાસ કર્યો છે. આ શબ્દો છે ૧૩ વિદ્યાર્થીઓ અને ૧ ફેકલ્ટીના ગૃપ સાથે આવેલ યુવતિ વત્સલા ગુણસેકરાના. ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તારમાં નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડીઝાઈન સંસ્થામાં શ્રીલંકન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન યોજાયું છે.

ગાંધીનગરની એનઆઈડી સંસ્થામાં શ્રીલંકાની યુનિવર્સિટી ઓફ મોરાટુવાના ૧૩ વિદ્યાર્થીઓ તેમના ૧ ફેકલ્ટી સાથે સ્ટુડન્ટ એકસચેન્જ પ્રોગ્રામ હેઠળ અભ્યાસ કરવા આવ્યા છે. આ પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ બંને દેશોની સંસ્કૃતિનું આદાન પ્રદાન કરે છે તેમજ સંસ્કૃતિના સમન્વય થકી બંને દેશોના નાગરિકોમાં સોહાર્દની ભાવના ફેલાય તેવા પ્રયત્નો પણ કરે છે. તા. ૨જી સપ્ટેમ્બરથી પ્રારંભ થયેલા પ્રદર્શનમાં શ્રીલંકન વિદ્યાર્થીઓ દ્વારા નેચરલ ફાઈબર, ભીંડી ફાઈબર, થ્રીડી પ્રિન્ટીંગ, લેસર કટીંગ, ઈન્ડસ્ટ્રીયલ કલે, પ્લાસ્ટીસીન, ફેબ્રિક અને ફોટોગ્રાફી વગેરેના ઉપયોગથી ઘણી બધી આકર્ષક અને કલાત્મક ચીજવસ્તુઓ તૈયાર કરી છે. જેમાં જવેલરી, વસ્ત્રો, લેમ્પ, માટીના શો પીસ, સજાવટની ચીજવસ્તુઓ, દોરડા દ્વારા બનાવેલ શો પીસ વગેરે બનાવી છે. આ તમામ ચીજવસ્તુઓમાં તેમણે બંને દેશોની ભાતીગળ સંસ્કૃતિ, સ્થાપત્ય શૈલી, કલા-કારીગરી અને પૌરાણિક માન્યતાઓ વગેરેનો ખુબ સુંદર ઉપયોગ કર્યો છે. આ માટે તેમણે અમદાવાદની પોળો ઉપરાંત અડાલજની વાવ જેવા ઘણા બધા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી તેમજ કલાકારીગરીના અભ્યાસ માટે અનેક કલાકારો તેમજ ઘડવૈયાઓને મળી તેમની શૈલીનો ઝીણવટપૂર્વક અભ્યાસ પણ કર્યો હતો.

આ પ્રદર્શનનો હેતુ બંને દેશોની સંસ્કૃતિ અને પરંપરાનું આદાન પ્રદાન થાય તથા બંને વચ્ચે સુમેળ સાધતી અથવા અલગ પાડતી બાબતોને ઓળખવા માટેનો છે. આ ઉપરાંત આ વર્કશોપનો મુખ્ય હેતુ બંને દેશોની સંસ્થાઓ સાથેના સંબંધો વધુ મજબૂત બનાવવાનો અને સ્ટુડન્ટ એકસચેન્જ થકી વિચારોનું આદાન પ્રદાન, ડિઝાઈન અંગેની કલ્પનાશકિત, તેની પ્રોસેસ તથા અભિગમને વહેંચવાનો છે. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને તેમના કૌશલ્યને ખિલવવાનો તથા અલગ સંસ્કૃતિના માધ્યમો, સંસાધનો તથા સાધનોનો ઉપયોગ શીખવાની તક મળી રહે છે. આ વર્કશોપ સેલ્ફ એકસપ્રેશન તથા પર્સનાલાઈઝેશન થીમ આધારિત યોજવામાં આવ્યો છે. જે તા. ૧૭મી સપ્ટેમ્બર સુધી ચાલશે.

(તસવીર : સમીર રામી)

## વાતવાતમાં

● ગુડા વિસ્તાર વાવોલમાં આજે સવારે ૮ વાગ્યાથી મેન્ટેનન્સના કારણોસર વીજ કાપ મુકાયો હતો. આ વીજ કાપ બપોરે પોણા ત્રણ વાગે પુરો થતા આકરી ગરમીમાં ત્રસ્ત રહીશોના જીવમાં જીવ આવ્યો હતો.

● ગાંધીનગરના એસ.ટી. ડેપો ખાતે આરોગ્યતંત્ર દ્વારા સ્વાઈન ફલુ પ્રતિરોધક ઉકાળો પીવડાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. બસ ડેપો ખાતે મુસાફરોએ તંત્ર દ્વારા તેમના આરોગ્યની કરાતી ચિંતાથી હર્ષ પામી હોંશે હોંશે ઉકાળો પીધો હતો.

● ગઈ કાલે સાંજે ગાંધીનગરમાં વરસાદના છાંટા પડવાનું ચાલુ થતા નગરજનોમાં વરસાદી ઝાપટાની આશા સેવાઈ હતી. જો કે થોડી મિનિટોમાં માત્ર ઉપરની માટી ભીની કરી અટકી ગયેલા વરસાદે આશા પર પાણી ફેરવ્યું હતું.

● સમી સાંજે ચ-૩ સર્કલ નજીક કોઈ પ્રવાહી ઢોળાયેલું હોવાથી સ્કૂટર પર જઈ રહેલી એક મહિલા ટર્ન લેતા સ્લીપ ખાઈ જવા પામી હતી. મહિલા અને સ્કૂટર બંનેને નજીવી ઈજાઓ થવા પામી હતી.

- સમીર રામી
9924446645

## પેથાપુરમાં પોસ્ટમેનના અભાવે ટપાલ વિતરણ ખોરંભે

પેથાપુર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના પેથાપુરમાં પોસ્ટ ઓફિસની સગવડ વર્ષોથી છે. જે પોસ્ટઓફિસમાં પોસ્ટમેનની જગ્યા ભરેલ હતી પરંતુ તે પોસ્ટમેનની બઢતી મળતા તે જગ્યા ખાલી પડેલ છે. તેમની જગ્યાએ નવા પોસ્ટમેનની નિમણુંક થયેલ નથી. જેથી ગ્રામજનો પરેશાની ભોગવી રહ્યા છે. ઘણા નાગરિકોના અગત્યના સમયમર્યાદા વાળા પત્રો સમયસર મળતા નથી પરિણામે નાગરિકો, બેરોજગારો મોટી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ટુંક સમયમાં પોસ્ટમેનની નિમણુંક ન થાય તો ગ્રામજનો આંદોલન કરીને મુખ્ય પોસ્ટ ગાંધીનગર જઈને સરઘસ દ્વારા સુત્રોચ્ચાર, ધરણા કરનાર છે.

# ગેમી દ્વારા ઓઝોન ડેની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતે વિવિધ સ્પર્ધાઓ યોજાશે : ૧૦૦૦ વિદ્યાર્થીઓ ભાગ લેશે

**વન અને પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સે-૩૦ના ટીઆરઓ સંકુલ ખાતે ઉજવણી કરાશે**

ગાંધીનગર, તા.૧૪

રાજય સરકારની સ્વાયત્ત સંસ્થા ગુજરાત એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ (ગેમી) દ્વારા ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૫ બુધવારના રોજ ઓઝોન ડેની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બાળકો માટેની વિવિધ સ્પર્ધાઓ જેવી કે ઓપનકિવઝ કોમ્પિટિશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, સ્લોગન રાઈટીંગ અને વકતૃત્વ સ્પર્ધા વગેરેમાં કુલ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે. રાજયના વન અને પર્યાવરણ વિભાગના મંત્રીશ્રી મંગુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સે-૩૦ના ટીઆરઓ સંકુલના સભાગૃહ ખાતે કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે વન અને પર્યાવરણ વિભાગના રાજયકક્ષાના મંત્રીશ્રી બચુભાઈ ખાબડ તથા વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવ શ્રી પુનમચંદ પરમાર અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના અંતે વિવિધ સ્પર્ધામાં વિજેતા થનારા વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્રની સાથે પુરસ્કાર પણ આપવામાં આવશે. ઓઝોન ડેની ઉજવણીનો મુખ્ય વિષય 'ઓઝોનની સાર સંભાળ માટેનો ૩૦ વર્ષનો સહયોગ' રહેશે તેમ ગેમીના ડાયરેકટર ડૉ. સંજીવ ત્યાગીએ જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પર્યાવરણના જતન અર્થે વિવિધ મુદ્દે જાગૃતિ ફેલાવવી એ ગેમીનો મુખ્ય હેતુ છે અને ઓઝોન વાયુનું સ્તર પૃથ્વી પર માનવજીવન માટે જે રીતે આશીર્વાદરૂપ છે તેને ધ્યાનમાં લેતા ઓઝોન ડેની ઉજવણી કરવી અત્યંત જરુરી બની જાય છે. દેશની ભાવિ પેઢી પર્યાવરણના જતનના સંદર્ભમાં મોટી જવાબદારી નિભાવવા સક્ષમ છે, તેથી ગેમી દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

## હોમસાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં હોમસાયન્સ વિભાગ દ્વારા રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમ્યાન આહાર અને પોષણ વિષય ઉપર પોસ્ટર મેકીંગ તથા ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુ. હેતલ વાઘેલા તથા કુ. મેઘા જોષી વિજેતા બન્યા હતા. તેમજ સ્લમ એરિયાના બાળકોમાં પૌષ્ટિક આહાર વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. ગણેશ ગોસ્વામી દ્વારા હેલ્થકેર તેમજ યોગા ઉપર વિદ્યાર્થીનીઓને ફિલ્મ બતાવવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓમાં આયર્નની ખામી નિવારવા માટે ફોલિક એસિડની ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પોષણ સપ્તાહ દરમ્યાન હોમીયોપેથી ડૉ. જીતુભાઈ પંચાલ દ્વારા વિદ્યાર્થીનીઓને સાત્વિક ભોજન વિષયક રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન હોમસાયન્સ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. ઊર્મિલાબેન ચૌધરી દ્વારા વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર તથા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## દૂધ વાપરનારાઓની સહકારી મંડળની ૪૦મી વાર્ષિક સાધારણ સભા





ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીની ૪૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મંડળીના ચેરમન દિલીપસિંહ ચૌહાણે આશરે ૧૪,૦૦૦ સભાસદો ધરાવતી સંસ્થાની પ્રગતિનો ચિતાર પૂરો પાડયો હતો. આ ઉપરાંત મંડળીના મેનેજીંગ ડિરેકટર રાજેશ પંચોલીએ સંસ્થાના ગત વર્ષના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. (તસવીર : દિપક જાની)

## સે-૨૭માં ગટરો ઉભરાવાના કારણે વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સે-૨૭માં હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્માણ કરાયેલ ગટરો ઘણા સમયથી ચોકઅપ થઈ જવાની સમસ્યાના કારણે વસાહતીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મુશ્કેલીઓને હલ કરવા રહીશો દ્વારા સત્તા અધિકારીઓને રજુઆત કરતા કોઈ નિકાલ હજી સુધી આવેલ નથી. જેના કારણે ગટરમાંથી આવતી તીવ્ર ગંધ અને ગંદકીના કારણે આરોગ્યને હાનિ પહોંચે તેવી પરિસ્થિતિ ઉભી થયેલ છે. તેમજ હાલમાં સે-૨૭ શિવ શકિત મંદિરની બાજુમાં છેલ્લા વીસ દિવસથી ગટર ઉભરાય છે જે અંગે પ્રત્યક્ષ ચકાસણી કરી કામગીરી કરવામાં આવે તો પરિસ્થિતિનો ઉકેલ લાવી શકાશે. તથા વસાહીઓના આરોગ્યના હિતમાં આ સમસ્યાનો તાત્કાલિક કાયમી ઉકેલ લાવવા સત્તા અધિકારીઓને વસાહત મહામંડળના પ્રમુખ જયંતિભાઈ પટેલ દ્વારા નમ્ર અપીલ કરાઈ છે.

## શ્રીમતી આર.એન. પટેલ શાળામાં દાદા-દાદી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૪

સેકટર-૨૩ સ્થિત આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે દાદા દાદી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં દાદા-દાદી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં પોતાના પૌત્ર-પૌત્રીઓ તેમજ દોહિત્ર અને દોહિત્રીઓ દ્વારા દાદા દાદીઓને કંકુ તિલક કરી પૂજન કરાવી આશીર્વાદ લીદા હતા. તેમજ ઉદઘોષક અર્ચનાબેન દ્વારા દાદા દાદી દિનનો મહિમા અને વર્તમાન સમયમાં તેના સામાજિક મહત્વને લગતી બાબતો પર પ્રકાશ પાડયો હતો. તથા ધોરણ-૬ના વિદ્યાર્થીઓએ પ્રસંગને અનુરૂપ સંદેશો આપતા નાટક અને ડાન્સ રજુ કર્યા હતા. ધો-૭ના વિદ્યાર્થીઓએ નાની અમ્મા...નાની અમ્મા માન જાઓ... નૃત્ય ગીત રજુ કર્યું હતું. ઉપરાંત ઉપસ્થિત રહેલા દાદા દાદીમાંથી મુરબ્બી અમરસિંહભાઈ અને સુરેશભાઈ દવેએ કાર્યક્રમને અંતર્ગત પોતાના મંતવ્યો અને શુભાશિષ પાઠવી હતી. અંતે શાળાના આચાર્ય દશરથભાઈએ શુભેચ્છા પાઠવી હતી.

## રેસ સંસ્થાના વાર્ષિક દિન નિમિત્તે કેન્સર જાગૃતિનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૪

કેન્સર અંગે લોકજાગૃતિ અને કેન્સર પીડિતોને સહાય તથા માર્ગદર્શન માટે કાર્યરત સંસ્થા રેસ-રેઈન ઈન કેન્સર દ્વારા પીડીપીયુના સહયોગથી તા. ૧૯મી સપ્ટેમ્બર ૨૦૧૫ શનિવારના રોજ સાંજે ૫ થી ૮ દરમિયાન પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે સંસ્થાના વાર્ષિક દિનની ઉજવણી અંતર્ગત કેન્સર વિષયક સેમિનાર યોજાશે. ગુજરાત પોલીસ હેડ કવાર્ટરના એડીશનલ ડીજીપી શ્રી અનુપકુમાર સિંઘના મુખ્ય મહેમાન પદે યોજાનાર આ કાર્યક્રમના અતિથિવિશેષ તરીકે 'ઈગલ ન્યુઝ'ના તંત્રી જૈનુલ પટેલ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ગાંધીનગરના જાણીતા તબીબ સર્જન ડૉ. જયદીપ ગઢવી, ડૉ.વિનોદ ગોયલ, એચસીજીના રેડીયેશન ડિપાર્ટમેન્ટના વડા ડૉ. અર્પણ શુકલ કેન્સરના લક્ષણો, સલામતી અને સારવાર સંદર્ભે વકતવ્ય આપશે. નગરજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રેસ-રેઈન ઈન કેન્સરના શ્રીમતી રીટા બેનીકે આમંત્રણ પાઠવ્યું છે.

## સામાજિક-શૈક્ષણિક માપદંડો પરિપૂર્ણ ના કરી શકતી જાતિઓનો ઓબીસીમાં સમાવેશ સાંખી નહીં લેવાય

**ઓબીસી સમર્થન સમિતિ દ્વારા વિવિધ મુદ્દે માંગ : ખાનગી શિક્ષણ સંસ્થાઓનું રાષ્ટ્રીયકરણ કરી વિવિધ જ્ઞાતિઓના ગરીબોને લાભ અપાવા માંગ**

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત પ્રદેશ ઓબીસી સમર્થન સમિતિના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા ઓબીસી જ્ઞાતિઓને ૨૭ ટકા અનામતના લાભ સામે આઝાદીના ૬૮ વર્ષે પણ વિવિધ પડતર મુદ્દાઓને કારણે પર્યાપ્ત પ્રતિનિધિત્વ પ્રાપ્ત થયું ના હોવાથી આ માંગણીઓ પુરી કરવા માંગ કરવામાં આવી છે.

બક્ષીપંચ ઓબીસી સમાજ વતી સમર્થન સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૧ની જનગણનાના આધારિત ઓબીસી સમાજના જાતિવાર આંકડા જાહેર કરવા, રાજયમાં ઓબીસીની યાદીમાં સામાજિક-શૈક્ષણિક માપદંડો પરિપૂર્ણ ના કરતી જાતિઓનો સમાવેશ ના કરવા, સહકારી ક્ષેત્રોની બેંકો તથા મંડળીઓની નોકરીઓમાં ૨૭ ટકા પ્રતિનિધિત્વનો અધિકાર આપવા, પટેલ અનામત આંદોલન અને બક્ષીપંચના ગરીબ નાગરિકોને ધ્યાનમાં રાખી રાજયની ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને સરકાર હસ્તક લઈ શિક્ષણનું રાષ્ટ્રીયકરણ કરવા તથા ખાનગી ક્ષેત્રોમાં જે શેર-ડિબેન્ચર્સ દ્વારા મૂડી એકઠી કરી એકમો સ્થાપ્યા હોય તેની નોકરીઓમાં ૨૭ ટકા અનામત દાખલ કરવા માંગ કરવામાં આવી છે. આ સાથે ઓબીસી સમર્થન સમિતિએ બક્ષીપંચ યાદીમાં સામાજિક-શૈક્ષણિક માપદંડો પરિપૂર્ણ ના કરી શકતી જાતિઓનો સમાવેશ કરવામાં આવશે તો બંધારણીય રાહે પ્રતિકાર કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# બાપુ કોલેજમાં ફાર્માસિસ્ટ રીફ્રેશર કોર્ષ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્મસી ગાંધીનગર તાલુકાના વાસણ ગામે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ દ્વારા સ્પોનર્સ બે દિવસીય રીફ્રેશર કોર્ષ કરી રજી. ફાર્માસિસ્ટનું તા. ૧૨ અને ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. રીફ્રેશર કોર્ષમાં ૧૦૦ની સંખ્યામાં વિજાપુર, માણસા, મહેસાણાના કેમીસ્ટ મિત્રો, ફાર્માસીસ્ટ અધ્યાપક મિત્રો અને ગવર્નમેન્ટ ફાર્માસીસ્ટો ઉપસ્થિત રહ્યા હતાં.

ઉદઘાટન પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શંકરસિંહ વાઘેલા, ડૉ. શ્રેણિક શાહ, ઉપપ્રમુખ ઓફ કાઉન્સિલ ડૉ. સી.એન પટેલ, મેમ્બર ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, ટ્રસ્ટીઓ મહેન્દ્રસિંહ વાઘેલા અને ભરતસિંહ વાઘેલા, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. પટેલ, બાપુ ગુજરાત નોલેજ વિલેજના ડે. ડાયરેકટર ડૉ. મકરંદભાઈ પટેલ હાજર રહ્યા હતા. ડૉ. શ્રેણિક શાહે કાઉન્સિલના ડેવલોપમેન્ટ અને ઝોન પ્રમાણે વર્કશોપ રાખી ફાર્માસીસ્ટોને રજી. રીન્યુઅલ વગેરે ઝડપથી કરવા જણાવ્યું. શંકરસિંહ વાઘેલા બાપુએ ફાર્માસીસ્ટો દર્દીઓને માર્ગદર્શન આપે અને દવા કેવી રીતે વાપરવી અને દવાઓનો સ્ટોરેજ બરાબર કરી ગુણવત્તા જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા અનુરોધ કર્યો. ડૉ. સી.એન. પટેલે આ કોલેજને શિક્ષણ આપતી સંસ્થા ગણાવી હતી.



આ કોર્ષમાં જુદા જુદા ટોપીક ઉપર કુલ સાત એક્ષપર્ટ મિત્રોએ લેકચર્સ આપ્યા હતા. જેમાં ડૉ. સી.એન. પટેલ, પ્રોફેસર કે.એમ. પટેલ, ડૉ. ઐશ્વર્યા દેશમુખ, ડૉ. સંદિપ ધોળકિયા, ડૉ. સમીર પટેલ, ડૉ. પરેશ પટેલનો સમાવેશ થાય છે.

પ્રોગ્રામના સમાપ્ત સમારોહમાં કાઉન્સિલના પ્રમુખ મોન્ટુકુમાર પટેલ, ભરતભાઈ પટેલ, ઈ.સી. મેમ્બર, રમણભાઈ પટેલ, ડયુ કેર કોન્સ્ટેપ્ટ યુનિ.ના ચેરમેન અને કેમીસ્ટ આશિષભાઈ પટેલ હાજર રહ્યા હતા. પ્રમુખે કાઉન્સિલમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન થાય તેની વ્યવસ્થા કરવામાં આવશે અને બીજા રીફ્રેશર કોર્ષ કરી ફાર્માસીસ્ટોનું નવી દવાઓ બાબતે જ્ઞાન વધે તેવું આયોજન કરશે તેમ જણાવ્યું હતું. રમણભાઈ પટેલે ફાર્માસીસ્ટો નોકરી કરતા ધંધો કરે જેમાં એકસપોર્ટ કરવા માટે અનુરોધ કર્યો અને બીજા અન્યને નોકરની તક આપી સમાજની સેવા કરવા જણાવ્યું હતું.

આ પ્રોગ્રામનું સંચાલન કો-ઓર્ડીનેટર ડૉ. પરેશ પ્રજાપતિ, ડૉ. સમીર પટેલ અને અધ્યાપક રક્ષિત સોમપાલે કર્યું હતું.

## સે-૨૫માં બે જૂથ વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૧૪

શહેરના સેકટર-૨૫ ખાતે ભાડુઆતને મકાન માલિકે મકાન ખાલી કરવાનું કહેતા મકાનમાલિક અને ભાડુઆત વચ્ચે બોલાચાલી થતા બંને પક્ષે મારામારી અને ઝઘડો થયો હતો. જેમાં મકાનમાલિકના બે પુત્ર પર ભાડુઆત જુથે તલવાર અને ધારીયા જેવા હથિયાર વડે હુમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. આ મામલે બંને પક્ષે સામ સામે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

ગાંધીનગર શહેરના સે-૨૫ પ્લોટ નં. ૧૫૧/એ/૧ ખાતે રણછોડભાઈ અંબાલાલ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. રણછોડભાઈએ થોડા સમય અગાઉ લાભુભાઈ લલ્લુભાઈ દેસાઈ પાસેથી ઉછીના નાણા લીધા હતા અને ટૂંકા ગાળામાં પરત કરવા જણાવ્યું હતું. પરંતુ સમય વિતવા છતા રણછોડભાઈએ નાણા ન આપતા લાભુ દેસાઈએ પઠાણી ઉઘરાણી કરતા રૂપિયા વળાવવા માટે રણછોડભાઈએ પોતાના મકાનનો ઉપરનો માળ લાભુ દેસાઈને ભાડે આપ્યો હતો અને લીધેલ નાણા ને ભાડા પેટે વસુલવા કહ્યું હતું.

મકાનમાલિકના તમામ નાણાં વસુલ થઈ ગયા છતાં ભાડુઆત લલ્લુ મકાન ખાલી નહોતો કરતો. આથી મકાનમાલિક અને ભાડુઆત વચ્ચે ઘણા સમયથી માથાકુટ ચાલતી હતી દરમિયાન ગત રોજ મકાન માલિક અને ભાડુઆત વચ્ચે બોલાચાલી બાદ મારામારી થઈ હતી. જેમાં મકાનમાલિકના બે પુત્રો મિતેષ પટેલ અને વિવેક પટેલને તલવાર જેવા તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરી લોહીયાળ ઈજાઓ પહોંચાડી હતી. બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં બંને પક્ષે સામ સામે મારામારીની ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ સે-૨૧ પી.આઈ. વાય.એમ. મિશ્રા ચલાવી રહ્યા છે.

### ચિરવિદાય

- સ્વ. રમણભાઈ આત્મારામ પ્રજાપતિ, ઉ.વ.૭૦
- સ્વ. સુનિલભાઈ નિલરતન વિશ્વાસ, ઉ.વ.૩૬